તારીખ : 02/06/2026

# અમરેલી જિલ્લામાં 159 પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ



અમરેલી જિલ્લા પોલીસ બેડામાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક (SP) શ્રી સંજય ખરાત દ્વારા મોડી રાત્રે 159 પોલીસ કર્મચારીઓની બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા.આ બદલીઓ લાંબા સમયથી અટવાયેલી હતી, જેના કારણે પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો રાહ જોઈ રહ્યા હતા. સામૂહિક ધોરણે અરસપરસ બદલીના આદેશોથી જિલ્લાના પોલીસ તંત્રમાં નવી ગોઠવણ થઈ છે.આ ફેરફારો અમરેલી શહેરથી લઈને પીપાવાવ કોસ્ટલ દરિયાઈ મરીન પોલીસ સ્ટેશન સુધીના પોલીસ બેડામાં કરવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ અમરેલી જિલ્લાના મોટાભાગના પોલીસ સ્ટેશનો, જેમ કે અમરેલી, સાવરકુંડલા, બાબરા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ, લાઠી, બગસરા, ધારી અને ચલાલાના કર્મચારીઓની બદલીઓનો સમાવેશ થાય છે. ત્યારે અમરેલી જિલ્લા પોલીસ બેડામાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.

કે.ડી. NEWS
તારીખ : 02/06/2026

# અમરેલી જિલ્લાના વડીયામાં શ્વાનોનો આતંક

## 25 દિવસમાં 4 બાળકો પર જીવલેણ હુમલો



અમરેલી જિલ્લાના વડીયામાં છેલ્લા કેટલાક દિવસોથી રખડતા શ્વાનોનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. વડીયાના ખાન ખીજડિયા  વિસ્તારમાં હિંસક બની ગયેલા શ્વાનોના ટોળાએ અબોલા જીવ મટીને શિકારીનું રૂપ ધારણ કર્યું છે. છેલ્લા 20 થી 25 દિવસના ગાળામાં આ શ્વાનોએ નિર્દોષ બાળકોને નિશાન બનાવીને સતત હુમલા કર્યા છે, જેમાં અત્યાર સુધીમાં 2 બાળકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેણે સમગ્ર પંથકમાં ભારે ગભરાટ ફેલાવી દીધો છે.આ વિસ્તારમાં કાળમુખા શ્વાનોનો આતંક ફરી એકવાર આ વિસ્તારમાં કાળમુખા શ્વાનોનો આતંક જોવા મળ્યો હતો. પ્રફુલભાઈ માવજીભાઈ બોરડના ખેતરમાં ખેતમજૂરી કરતા મગનભાઈ બારૈયાનો 7 વર્ષીય પુત્ર રોમિત ખેતરમાં રમી રહ્યો હતો, ત્યારે 4 થી 5 શ્વાનોના ટોળાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. શ્વાનોએ બાળકને એટલી ખરાબ રીતે ફાડી ખાધો કે ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. એક જ મહિનામાં બે બાળકોના મોતથી ખેતમજૂરોમાં ડરનો માહોલ છે.

કે.ડી. NEWS
તારીખ : 02/06/2026

# જિલ્લા પોલીસ દ્વારા અમરેલીમાં પોલીસ પરિવારના બાળકોનો સમર કેમ્પ યોજાયો





અમરેલી જિલ્લા પોલીસ દ્વારા 3 થી 13 વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ, શિસ્ત, વ્યક્તિત્વ નિર્માણ અને સુરક્ષા અંગે જાગૃતિ લાવવા હેતુથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમર કેમ્પ તા. 26 મે 2026 થી 31 મે 2026 સુધી યોજાયો હતો.આ કેમ્પ દરમિયાન બાળકો માટે આર્ટ ઍડ ક્રાફટ, યોગા, જુમ્બા, રમત ગમત, વ્યક્તિત્વ વિકાસ, ટ્રાફિક જાગૃતિ, સાયબર સુરક્ષા, પોલીસ કાર્યપદ્ધતિની જાણકારી તેમજ વિવિધ મનોરંજક એને માઈન્ડ સ્પીડ માટે ટુબિક સોલ્વ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ જણાવ્યું હતું કે આવા કેમ્પો દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે છે.

ઉપરાંત પોલીસ અને જનતાવચ્ચેના સંબંધો વધુ મજબૂત બને છે.આ સમર કેમ્પમાં લીલી લોટસપ્રિ-સ્કૂલના ઓનર હિમાણીયા-ટીચર તરીકે ફરજ બજાવતા ક્રિશના કાલેના અને સ્વાતિ ભોગયાતા દ્વારા આર્ટ એન્ડ ક્રાફ્ટ વેસ્ટ માથી બેસ્ટ, કલરિંગ અને માઈન્ડ સ્પીડ માટે રુબિકસોલ્વ જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવેલ હતી.

તેમજ અમરેલી જીલ્લાના યોગ કો-ઓર્ડિનેટર સાગર મહેતા દ્વારા યોગા કરાવવામાં આવેલ અને નીતાબેન સોની દ્વારા જુમ્બા કરવામાં આવેલ હતા.આ કેમ્પમાં દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

આ કેમ્પમાં DYSP શ્રીએ કાર્યક્રમની સફળતા માટે સક્રિય સહકાર આપી હકારાત્મક ભૂમિકા ભજવી હતી. અને દરેક બાળકોને પ્રમાણપત્ર અને ગિફ્ટ આપવામાં આવેલ હતી.તેમજ W A S I રજિયા જારા એ આ કેમ્પની તમામ જવાબદારી સાથે કામગીરી નિભાવી હતી. અને આ કેમ્પ ભવ્ય રીતે સફળ રહેલ .

તારીખ : 02/06/2026

# રાજુલામાં સમર યોગ કેમ્પ 2026 સફળ આયોજન થયું...



ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ તા. 16 મે 2026 થી 30 મે 2026 દરમિયાન સમગ્ર રાજ્યમાં 'સમર યોગ કેમ્પ 2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં પણ નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુંઆ કેમ્પ યોગ કોચ દિપાબેન તેરૈયા, યોગ કોચ ઉર્મિલાબેન રવિયા અને યોગ ટ્રેનર ચેતનાબેન મહેતાના સંયુક્ત માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. જેમાં આશરે ૧30 જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધોહતો. સમર યોગ કેમ્પ અંતર્ગત બાળકોને યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, રમતગમત તેમજ આપણી ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપવામાં આવેલ  સાથે જ યોગ્ય આહાર, શિસ્તબદ્ધ દિનચર્યા અને સ્વસ્થ જીવનશૈલી અંગે પણ બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.યોગ કોચ દિપાબેન તેરૈયાએ જણાવ્યું કે, 'આજના બાળકો મોબાઈલ અને સ્ક્રીનમાં ખોવાઈ ગયા છે. આ કેમ્પ દ્વારાઅમે બાળકોને યોગની મદથી એકાગ્રતા, સ્મરણશક્તિ અને શિસ્ત શીખવાડી. બાળકોએ માત્ર 15 દિવસમાં જ સૂર્યનમસ્કાર, તાડાસન, જેવા આસનો સરળતાથી શીખી લીધા. બાળકોનો ઉત્સાહ જોઈને એવુંલાગેછે કે યોગદ્વારા જ તેઓ શારીરિક અને માનસિક રીતે મજબૂત બનશે.‘આ સમર યોગ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં નિયમિતતા, એકાગ્રતા, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ અને સંસ્કારાત્મક વિચારોનો વિકાસ થાય તેમાટેનો હતો. કેમ્પ દરમિયાન બાળકોએ શિસ્ત અનેઆનંદ સાથે યોગ શીખીને ઉનાળાના વેકેશનનો સદુપયોગ કર્યો હતો. ગુજરાત રાજ્યયોગ બોર્ડના આ ઉપક્રમથી બાળકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને તેઓ તણાવમુક્ત, સ્વસ્થ જીવન તરફ આગળ વધી રહ્યા છે. વાલીઓએ પણ આ કેમ્પને આવકાર્યો હતો અને બોર્ડની આ પહેલને બિરદાવી હતી. 30 મે 2026 ના રોજ કેમ્પના સમાપન સમારોહમાં રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર, ડો. મૂછડીયા સાહેબ, ડો. કાનજીભાઈ બલદાણીયા, કનુભાઈ વરુ, યોગેશ કાનાબાર, ભનુભાઈ પટેલ, હરેશભાઈ તેરૈયા, ગૌરાંગભાઈ જાની, જયેશ દવે, મંદિરના પૂજારી લાલાબાપુ તેમજ શહેરના આગેવાનો ઉપસ્થિત રહી દીપ પ્રગટાવી ઉત્સાહભેર સમાપન કરાવેલ અને આ કેમ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ.



# હરિયાણામાંથી અમેરિકન સાયબર ફ્રોડનો ભાંડો ફૂટયો!

KD NEWS



## એમેઝોન અધિકારી બની છેતરતા 21 લોકો ઝડપાયા




**₹11 લાખ** રોકડા જપ્ત

19 કમ્પ્યુટર, 3 લેપટોપ, 16 મોબાઈલ કબ્જે

નોટ ગણવાનું મશીન સહિત ઘણા સાધનો જપ્ત

અમેરિકાના નાગરિકોને બનાવતા હતા નિશાન

નકલી કોલ સેન્ટર પરથી ચાલતો હતો આંતરરાષ્ટ્રીય રેકેટ

4 મુખ્ય આરોપીઓની ધરપકડ, વધુ ખુલાસાની શક્યતા

### કેવી રીતે ચાલતો હતો છેતરપિંડીનો ખેલ?

- અમેરિકાના નાગરિકોને ફોન કરી પોતાને Amazon Customer Care અધિકારી ગણાવતા હતા
- ક્રેડિટ કાર્ડ અને અન્ય ગુપ્ત માહિતી મેળવી ઓનલાઈન છેતરપિંડી કરતા
- કોલ સેન્ટર અમેરિકાના સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ, રાત્રે 3 વાગ્યા સુધી ચાલતું
- 20થી વધુ યુવક-યુવતીઓને નોકરીએ રાખી ₹20,000 થી ₹25,000 સુધી પગાર
- નોકરી પહેલાં 1 અઠવાડિયા થી 10 દિવસ સુધી ટ્રેનિંગ આપવાતી

### મુખ્ય આરોપીઓના નામ

- નવદીપ
- અક્ષય ટિક્કુ
- રજા
- અંકુર કપૂર

### જપ્ત કરાયેલ સામાન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 19 | 3 | ₹11.30 લાખ | 3 | 16 | 2 | 3 | 1 | |
| કમ્પ્યુટર | લેપટોપ | રોકડા | વોકી-ટોકી | હેન્ડસેટ | વાઈ-ફાઈ રાઉટર | POS મશીન | નોટ ગણવાનું મશીન | સોનાના દાગીના |

### પોલીસનું કહેવું

સાયબર ટીમે સારી કામગીરી કરતા સાયબર છેતરપિંડીનો રેકેટ પકડયો. રિમાન્ડ પર લઈ વધુ ખુલાસા કરવામાં આવશે.

– પંકજ નૈન, પોલીસ કમિશ્નર, પંચકુલા

### સાયબર ઠગાઈથી સાવધાન રહો

- અજાણ્યા કોલ પર તમારી કોઈ પણ માહિતી ન આપો
- ક્રેડિટ કાર્ડ, OTP અને પાસવર્ડ ગુપ્ત રાખો
- શંકાસ્પદ કોલ અથવા લિંકની ફરિયાદ તાત્કાલિક કરો

**સાયબર ઠગાઈથી સાવધાન રહો**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એડમીશન ઓપન

**કાર્યક્ષેત્ર : ધો. 8 થી 12 / કોમર્સ - આર્ટસ**

**F.Y, S.Y, T.Y, B.Com, M.Com, MBA**

**:: બધાજ વિષયોના ::**

**ઓફલાઈન/ઓનલાઈન ટ્યુશન કલાસીસ**

# Career Plus Teaching Point

**વિશ્વાસ અને શ્રેષ્ઠ પરિણામ એ જ અમારી કલાસીસ ઓળખ છે**
**છેલ્લા 21 વર્ષથી સાવરકુંડલાના આંગણે કાર્યરત જ્યા અમે**
**માત્ર ભણાવતા નથી પણ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડીએ છીએ..**

**અમારી ગૌરવશાળી સિધ્ધીઓ :**

સાવરકુંડલાના એક માત્ર એવા કલાસીસ જ્યા
50 થી વધુ એકાઉન્ટ અને આંકડાશાસ્ત્ર વિષયમાં
100 માં થી 100 ગુણની સિધ્ધી પ્રાપ્ત કરી
ઈતિહાસ રચ્યો છે. શ્રેષ્ઠ માર્ગદર્શન અને સખત
મહેનતનો સંગમ એટલે કેરીયર પ્લસ ટ્યુશન કલાસીસ

**અમારી વિશેષતા ::::**

- ઓનલાઈન / ઓફલાઈન ટ્યુશન કલાસીસ
- લાઈવ કલાસની સાથે
  વિડીયો રેકોડીંગ કલાસની સુવિધા
- કોઈ વિદ્યાર્થી કોઈ કારણસર ગેરહાજર હોઈ
  તો અભ્યાસથી વંચિત ન રહે,
  ગમે ત્યારે તે ઘરબેઠા રિવીઝન કરી શકે.
- સ્માર્ટ બોર્ડ સાથેના કલાસીસ

**ધોરણ 10 માં**
**વિદ્યાર્થીઓને**
**A1/A2 ગ્રેડ મેળવનારને**
**ધોરણ 11 માં**
**50% ફી માફ**

**:: વધારે માહિતી માટે સંપર્ક ::**

**બંસીધર, સાહિબ સ્વીટની સામે, દેવળાગેઈટ, સાવરકુંડલા**

**મો. 9054412212**

તારીખ : 02/06/2026

# ખાંભા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે વિષ્ણુયાગનું આયોજન



પવિત્ર અધિક માસ ચાલી રહ્યો છે ત્યારે સ્વામિનારાયણ ગુરુકુળ ખાંભા ખાતે પૂજ્ય રાધા રમણ સ્વામીની પ્રેરણાથી અધિક માસ નિમિત્તે 15 દિવસ સુધી વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું છે જેનો પ્રારંભ 1 જૂન 2026 સોમવાર થી થયેલ જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહે છે અને યજ્ઞનો લાભ લેય છે. ભૂદેવો દ્વારા યજ્ઞ કરાવવામાં આવે છે અને સંતો દ્વારા રૂડા આર્શીવાદ આપવામાં આવે છે ત્યારે ભક્તો બધા દેવી-દેવતાઓને વંદન કરી ધન્યતા અનુભવે છે અને સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બને છે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



શ્રી સંસ્કાર મંદિર ટ્રસ્ટ સંચાલિત

# શ્રી સંસ્કાર વિદ્યાલય

(ગુજરાતી માધ્યમ)

શિવશકિત સોસાયટી, હાથસણી રોડ, સાવરકુંડલા

# પ્રવેશ કાર્ય શરૂ

શૈક્ષણિક કાર્યક્ષેત્ર

બાલમંદિર * બાલવાટીકા

ધો. ૧ થી ૮ (ગુજરાતી માધ્યમ)

## : શાળાની વિશેષતા :

* રમત-ગમતનું વિશાળ મેદાન
* સ્માર્ટ બોર્ડ
* પાઠયપુસ્તક સાથે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
* વિકલી ટેસ્ટ દ્વારા સતત મુલ્યાંકન
* દરેક વર્ગને પોસાય તેવી ફી
* અનુભવી તથા માયાળુ સ્ટાફ
* કમ્પ્યુટર લેબ - લાઈબ્રેરી
* ફાયર સેફટી તથા સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ
* નાના બાળકો માટે બાળ ક્રીંડાગણ
* વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાનું આયોજન

સંપર્ક : મો. 94294 44946/83471 28946

તારીખ : 02/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



SAINT THOMAS SCHOOL
SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- દર વર્ષે ૧૦૦% પરિણામ
- અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

**સંપર્ક: 9376245177 /9033321323**

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

કે.ડી. NEWS
તારીખ : 02/06/2026

# જિલ્લામાં જૂની મોટર સાયકલ, સ્કૂટર, જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેંચનાર કે ખરીદનારે નિયત નમુનામાં રજિસ્ટર નિભાવવું

અમરેલી તા. ૦૨ જુન, ૨૦૨૬ (મંગળવાર) - સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે. કોઈપણ જૂની મોટરસાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેંચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ કોલમ વાઈઝ વેંચનારનું નામ,સરનામું અને વેંચવાનું કારણ, ખરીદનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી.પ્રૂફ તથા રેસીડન્ટ પ્રૂફની વિગત, જૂનું ખરીદવાનું કે ખરીદ્યુ તેની કારણ અને તારીખ, એન્જિન-ચેસીસ નંબર, મોડલ નંબર, રજિસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવા સહિતનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે. રજિસ્ટર નિભાવવા ઉપરાંત જૂની મોટર સાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો ખરીદનારને અવસ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી. જૂની મોટરસાયકલ, સ્કુટર, કે જૂના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વેચનારા વેપારી અથવા આ અંગેની દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જૂની મોટર સાયકલ સ્કુટર કે જૂના થ્રી વ્હીલ,ફોર વ્હીલ વાહનોનું વેચાણ કરે ત્યારે જૂની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ ખરીદ કરનાર ગ્રાહકનું ઓળખકાર્ડ પુરાવા પૈકી એક પુરાવો ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે. આ હુકમ તા.૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી થશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 02/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

# ખાંભા માં દિવ્ય પોથી યાત્રા સાથે દિવ્ય સત્સંગી જીવન કથા નો શુભારંભ




ખાંભા સહજાનંદ ગુરુકુળ આયોજીત સત્સંગી જીવન કથા ની ભવ્ય પોથી યાત્રા શ્રી સિધ્ધેશ્વર મહાદેવ મંદિરે થી નીકળી હતી .અને પોથી યાત્રા નુ ઠેર ઠેર સ્વાગત થયું હતું.ખાંભા સેવાયજ્ઞ ગ્રુપ (રાજુભાઈ હરીયાણી) દ્વારા ભક્તજનો ને સરબત વિતરણ કરાયું હતું.પોથી યાત્રા માં અનેક સંતો, મહંતો, ભક્તજનો, યુવાનો, માતાઓ, બહેનો તથા રાજકીય સામાજિક અને સ્થાનિક અગ્રણી જોડાયા હતા. પૂજ્ય રાધારમણ સ્વામીની પ્રેરણાથી આ સત્સંગી જીવન કથા નો તારીખ 1 જુન 2026 થી પ્રારંભ થયો હતો જે સાત દિવસ સુધી ભક્તજનો ને પૂ. ડો.દેવવલ્લભ સ્વામી કથાનુ રસપાન કરાવશે. જેમાં ખાંભા સ્વામિનારાયણ ગુરુકુળના સંતો ઉપસ્થિત રહેશે અને આર્શીવાદવચન આપશે. સંતો સ્વામિનારાયણ ગુરુકુળ ખાંભાનું સત્સંગ મંડળ તથા યુવાનો અને ભક્તજનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે ત્યારે ખાંભા શહેર તથા આજુબાજુના ગ્રામજનો ભકતજનો ઉપસ્થિત રહેશે અને કથાનું રસપાન કરશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

Skill India
કૌશલ ભારત - કુશલ ભારત

Kaushalyam Balam

MAKE IN INDIA

WhatsApp Group Join




# ITI SAVARKUNDLA
## પ્રવેશ પ્રક્રિયા 2026

કૌશલ્ય સાથે ઉજ્જવળ ભવિષ્ય તરફ એક પગલું

ADMISSION OPEN 2026

APPLY NOW

### 1 ઉપલબ્ધ ટ્રેડ (વ્યવસાય)

| ટ્રેડનું નામ | સમયગાળો | ઉપલબ્ધ બેઠકો | લાયકાત |
|---|---|---|---|
| ઈલેક્ટ્રીશિયન | 2 વર્ષ | 40 | ધો. 10 પાસ |
| કોપા | 1 વર્ષ | 72 | ધો. 10 પાસ |
| મોટર મિકેનીક વિહિકલ | 2 વર્ષ | 48 | ધો. 10 પાસ |
| સોલાર ટેક્નીશિયન | 1 વર્ષ | 20 | ધો. 10 પાસ |
| વાયરમેન | 2 વર્ષ | 20 | ધો. 8 પાસ |
| પ્લમ્બર | 1 વર્ષ | 24 | ધો. 8 પાસ |

### 2 તાલીમાર્થીઓને મળતી વિવિધ સરકારી સહાય

1. SC/ST/મહિલા અને દિવ્યાંગ તાલીમાર્થીઓને ટ્યુશનફી માંથી મુક્તિ. (વિશેષ લાભ)
2. પ્રવર્તમાન સરકારી નિયમોનુંસાર સ્કોલરશીપ અથવા સ્ટાઈપેન્ડ.
3. વિનામૂલ્યે એસ.ટી. બસ પાસ સુવિધા. (વિશેષ લાભ)
4. નિયમોનુંસાર ધોરણ 10/12 સમકક્ષતાનો લાભ. (વિશેષ લાભ)
5. દરેક તાલીમાર્થીઓને 2 જોડી યુનિફોર્મ.
6. દિવ્યાંગ ઉમેદવારોને મુસાફરી ભથ્થા પેટે રૂ. 3000/- ની સહાય. (માસીક) (વિશેષ લાભ)
7. મહિલા તાલીમાર્થીઓને નમો કૌશલ્ય લક્ષ્મી યોજના હેઠળ: (વિશેષ લાભ)
   - 1 વર્ષ કોર્સ: રૂ. 15000/-
   - 2 વર્ષ કોર્સ: રૂ. 24000/-
8. ગુજરાત સામુહિક જૂથ વીમા યોજના હેઠળ રૂ.4,00,000/- નું વીમા કવચ.
9. ડીપ્લોમાં એન્જી. માં સીધા ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ.
10. તાલીમ માટે જરૂરી રો-મટીરીયલ વિનામૂલ્યે.
11. સ્વ-રોજગારી માટે બેંકેબલ સબસીડીયુક્ત લોન સહાય.

### 3 કારકિર્દી તકો (Career Opportunities)

- સરકારી નોકરી
- પ્રાઈવેટ કંપનીની નોકરી
- સ્વ-રોજગારી
- એપ્રેન્ટિસ તકો
- કૌશલ્ય આધારિત કારકિર્દી વિકાસ

Skill Today – Success Tomorrow

### 4 પ્રવેશ સંબંધિત ઉપયોગી માહિતી

Admission Help Contact
9898041677

WhatsApp Group Join

Website
https://itiadmission.gujarat.gov.in/

Note:
કચેરી સમય દરમિયાન નિ:શુલ્ક ફોર્મ ભરી આપવામાં આવશે.

Registration Fee
રૂ. 50/- માત્ર

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા – સાવરકુંડલા
મહુવા રોડ, રેલ્વે ક્રોસિંગની બાજુમાં,
સાવરકુંડલા – 364515

+91 8530885887
iti.savarkundla

Follow Us

આજે જ પ્રવેશ મેળવો અને તમારા કૌશલ્યને ઉજ્જવળ કારકિર્દીમાં પરિવર્તિત કરો.

કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

# જિલ્લાના સ્પા, મસાજ પાર્લરના માલિક, સંચાલકોએ આવશ્યક વિગતો પોલીસ સ્ટેશનને આપવી ફરજિયાત

અમરેલી, તા.૦૨ જુન,૨૦૨૬ (મંગળવાર) - સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે, આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે. સમગ્ર જિલ્લાના તમામ વિસ્તારમાં આવેલા સ્પા, મસાજ પાર્લરના માલિક, સંચાલકોએ નામ, સરનામા, મોબાઈલ નંબર, કર્મચારીઓની તમામ વિગતો, તેમના ફોટોગ્રાફ્સ, આધારકાર્ડ નંબર, ડ્રાઈવિંગ લાઈસન્સ નંબર, પાર્ટનરનું નામ, સરનામા અને મોબાઈલ નંબર સહિતની વિગતો પોલીસ સ્ટેશનને ફરજિયાત આપવી.

30 દિવસના સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ રહે તે રીતે રિસેપ્શન તથા કોમન એરિયામાં સહિતના વિસ્તારને આવરી લેતા સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત રાખવા, જે જરુર પડ્યે સંબંધિત પોલીસ સ્ટેશને આપવા. સ્પા, મસાજ પાર્લર માલિકનું પોતાનું હોય તો તે પુરાવા અથવા ભાડે હોય તો ભાડા કરાર સહિતના પુરાવાઓની નકલ આપવી.


સ્પા, મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોની આઈ.ડી.પ્રૂફ ફરજિયાત રાખવાની રહેશે, રજિસ્ટર નિભાવવું, તમામ વિગતો કોરા કાગળ પર લખીને પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવી. આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશને રજિસ્ટર નિભાવવા. આ હુકમ તા.૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી થશે.

KID NEWS

## મુંબઈની લાઈફલાઈન રહેલા

# ડબ્બાવાળાઓનું અસ્તિત્વ સંકટમાં!

હાર્વર્ડ ક્યારેક લોજિસ્ટિક્સનો માસ્ટરક્લાસ ગણાવ્યો હતો, પ્રિન્સ ચાર્લ્સ પોતે જોવા આવ્યા હતા જ્યારે મુંબઈ સંપૂર્ણપણે જાગ્યું પણ નથી હોતું, સફેદ ટોપી અને કુર્તામાં કેટલાક લોકો સાયકલ પર ઉંચા-ઉંચા ટિફિનના ઢગલા લઈને રેલવે સ્ટેશનો પર પહોંચી જાય છે, ટ્રેનમાં ચડે છે, શહેર પાર કરે છે અને પછી પગપાળા કે સાયકલથી ઘરનું બનેલું ગરમ ભોજન ઓફિસો સુધી પહોંચાડે છે. આ છે મુંબઈના ડબ્બાવાળા- એક એવી વ્યવસ્થા, જેને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલે ઓછા ખર્ચના લોજિસ્ટિક્સનો માસ્ટરક્લાસ ગણાવ્યો અને જેને જોવા માંટે 2003માં તત્કાલીન પ્રિન્સ ચાર્લ્સ પોતે મુંબઈ આવ્યા હતા. પરંતુ આજે આ જ ડબ્બાવાળા અસ્તિત્વ માટે લડી રહ્યા છે.



### ડબ્બાવાળા વ્યવસ્થાની શરૂઆત 19મી સદીના અંતમાં


બ્રિટિશ રાજ દરમિયાન બોમ્બે (હવે મુંબઈ) ઝડપથી ફેલાઈ રહ્યું હતું. ઓફિસ જતા લોકોને ઘરનું ભોજન જોઈતું હતું. બીબીસી વર્લ્ડના રિપોર્ટ મુજબ, 1890માં મહાદેવ બાચ્ચે 100 કામદારો સાથે તેને વ્યવસ્થિત રૂપ આપ્યું. ધીમે-ધીમે આ વ્યવસ્થા એટલી સચોટ બની ગઈ કે કોઈ એપ કે જીપીએસ વગર રોજ હજારો ટિફિન સાચા સરનામે પહોંચવા લાગ્યા. તેના ચરમાસીમા પર 4,500 ડબ્બાવાળા રોજ 50,000 થી વધુ ટિફિન પહોંચાડતા હતા.

### કોરોનાએ બધું બદલી નાંખ્યું

- ઓફિસો બંધ થઈ, વર્ક ફ્રોમ હોમ શરૂ થયું અને ટિફિનની જરૂરિયાત અચાનક સમાપ્ત થઈ ગઈ.
- રિપોર્ટમાં મુંબઈ ટિફિન બોક્સ સપ્લાયર્સ એઓસિએશનના સચિવ કિરણ ગવંડેના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, ‘લોકડાઉન પછી ઘણા લોકો અકવાડિયામાં માત્ર 2-3 દિવસ ઓફિસ જાય છે. આની ડબ્બાવાળાઓ પર મોટી અસર થઈ.
- 2018માં જે સંખ્યા 4,500 હતી, તે હવે 1,500 રહી ગઈ છે.’

### જેઓ બચ્યા છે, તેમની હાલત પણ સારી નથી

બાલુ શિંદે 20 વર્ષ સુધી ડબ્બાવાળા રહ્યા. રોજ 15-20 ટિફિન પહોંચાડતા હતા. દર મહિને 20,000 રૂપિયા કમાતા હતા. 2020ના અંત સુધીમાં માત્ર બે ગ્રાહકો બચ્યા. હવે તેઓ ઓટો ચાલાવે છે. જેઓ ટકી રહ્યા છે, તેઓ બે-બે કામ કરી રહ્યા છે. એસોસિએશન હવે શિફ્ટ આધારિત કામની યોજના બનાવી રહ્યું છે. પરંતુ અધ્યક્ષ રામદાસ કારવાંડે કહે છે, ‘હાલ તો ચાલી રહ્યું છે, પરંતુ આગળ શું થશે, કહી શકાય નહીં.’



### દરરોજ ટ્રેનમાં દેખાતી એક પરંપરા, હવે પાછળ છૂટતી જઈ રહી છે

દરરોજ સવારે મુંબઈની ટ્રેનોમાં સ્ટીલના ટિફિન લઈને આ લોકો હજુ પણ દેખાય છે, આ એક એવી પરંપરાને જીવંત રાખી રહ્યા છે જે ક્યારેક આ શહેરની ગતિની ઓળખ હતી, પરંતુ હવે તે જ ગતિથી પાછળ છૂટતી જઈ રહી છે.

### સ્વિગી-ઝોમેટો, ક્લાઉડ કિચન અને મોંઘાવારો એ ડબ્બાવાળાઓની પડકાર વધારી

- ડબ્બાવાળા માત્ર 2,000 રૂપિયા દર મહિને ઘરનું ભોજન પહોંચાડતા હતા. હવે સ્વિગી અને ઝોમેટો જેવી ફૂડ ડિલિવરી એપ્સ સ્ક્રીનના એક ટચ પર બિરયાનીથી બર્ગર સુધી ઉપલબ્ધ કરાવી રહી છે.
- આ દરમિયાન ઉભરતા ક્લાઉડ કિચને સ્પર્ધા સખત બનાવી દીધી છે, પરિણામે, ક્યારેક એકછત્ર રાજ કરનાર ડબ્બાવાળા સિસ્ટમ સંકોચાઈ રહી છે.

“આજની મોંઘવારીમાં નવી પેઢી આ કામમાં નહીં આવે. બધા સારી નોકરી કે વ્યવસાય ઈચ્છે છે.’

– બાબન કટમ
(35 વર્ષથી ડબ્બાવાળા)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 02/06/2026

# અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ/ગ્લુ બોર્ડ)ના ઉત્પાદન, વેચાણ તેમજ તેના ઉપયોગ પર પ્રતિબંધ

અમરેલી તા. ૦૨ જુન,૨૦૨૬ (મંગળવાર) – અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ/ગ્લુ બોર્ડ)ના ઉત્પાદન, વેચાણ તેમજ તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમરેલી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ઉંદર પકડવાની જાળ(ગ્લુ ટ્રેપ) જેને ગ્લુ બોર્ડ અથવા સ્ટીકી સ્ટ્રીપ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ ઉંદરોને પકડવા માટે થાય છે. આ જાહેરનામું તા. ૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

KD NEWS

**BREAKING NEWS**

# ₹10 કરોડનું બજેટ, કમાણી ₹1400 કરોડને પાર!

## 26 વર્ષના લબરસુછિયા યુટ્યુબરે હોલિવૂડ હલાવ્યું

**હોલિવૂડમાં સુનામી**

## ‘ઓબ્સેસન’ની સુનામીએ સારી-સારી ફિલ્મો પાડી દીધી




આજકાલ દુનિયાભરના બોક્સ ઓફિસ પર એક એવી હોલિવુડ હોરર ફિલ્મનો ખૌફ જોવા મળી રહ્યો છે, જેને મોટા સુપરસ્ટાર્સ, દિગ્ગજ ડિરેક્ટર્સ અને કરોડોના બજેટવાળી ફિલ્મોના ઘમંડને ચૂર-ચૂર કરી નાખ્યો છે.

**આ ફિલ્મનું નામ છે ‘ઓબ્સેસન’.** કોઈ મોટા લાઉડ પ્રમોશન વગર રીલીઝ થયેલી આ ફિલ્મે ગ્લોબલ બોક્સ ઓફિસ પર એવી સુનામી આવી છે કે મોટા-મોટા ટ્રેડ પંડિતો પણ મોંમાં આંગળા નાખી ગયા છે.

ગ્લોબલ બોક્સ ઓફિસ કમાણી
**₹1400+ કરોડ**

## નાનું બજેટ, મોટું કમાહલ



ફિલ્મ ‘ઓબ્સેસન’નું બજેટ માત્ર $750,000 થી $1 મિલિયન (આશરે ₹10 કરોડ)


અર્થાત્‌ ‘ઓબ્સેસન’ આ બધી ફિલ્મો કરતાં પણ સસ્તી બની છે, પણ કમાણીમાં બધાને પાછળ છોડી દીધી!

### તુલના જુઓ

| સ્ત્રી (2018) | લાપતા લેડીઝ (2024) | ઓબ્સેસન (2026) |
|---|---|---|
| બજેટ ₹20-30 કરોડ | બજેટ ₹11 કરોડ | બજેટ આશરે ₹10 કરોડ |

VS







## 26 વર્ષના ડિરેક્ટરનો કમાલ



માત્ર 26 વર્ષના દિરેક્ટર કેરી બાર્કર દ્વારા નિર્દેશિત સુપરનેચરલ હોરર ફિલ્મ ‘ઓબ્સેસન’ વર્ષ 2026ની સૌથી મોટી સક્સેસ સ્ટોરી બની ગઈ છે.

- ડિરેક્ટર કેરી બાર્કરે પોતાની કરિયરની શરૂઆત યુટ્યુબ વીડિયા અને શોર્ટ ફિલ્મો બનાવીને કરી હતી.
- ફિલ્મમાં લીડ રોલ પ્લે કરનાર માઈકલ જોહ્ન્સ્ટન અને ઈન્ડી નવેરહતી પણ કોઈ મોટા સ્ટાર નથી, તે TVમાંથી ફિલ્મોમાં આવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

## TIFFમાં રચાયો ઈતિહાસ

ગયા વર્ષે ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (TIFF) ના ‘મિડનાઈટ મેડનેસ’ સેક્શનમાં જ્યારે આ ફિલ્મનું પ્રીમિયર થયું, ત્યારે અમેરિકાની જાણીતી ડિસ્ટ્રિબ્યુશન કંપની ‘ફોક્સ ફીચર્સ’ની નજર આના પર પડી.

- કંપનીએ સહેજ પણ મોડું કર્યા વગર આ નાની ફિલ્મને અહબ 14-15 મિલિયન ડોલર (આશરે ₹133 કરોડથી ₹142 કરોડ) માં ખરીદી લીધી.
- TIFFના ઈતિહાસમાં આ પ્રકારની કોઈ જોનર ફિલ્મ આટલી મોંઘી ક્યારેય વેચાઈ નહોતી.




## માત્ર ₹10 કરોડના બજેટમાં બનેલી ફિલ્મે વિશ્વભરમાં સર્જ્યો ઈતિહાસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# Happy Birthday



# શક્તિસિંહ જાડેજા

## જાફરાબાદ રાજપૂત સમાજના શક્તિસિંહ જાડેજાનો જન્મદિવસ
## વિશાળ મિત્રવર્તુળ ધરાવતા શક્તિસિંહને શુભકામનાઓ નો ધોધ વછૂટયો

અમરેલી સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજપૂત સમાજના યુવા અગ્રણી અને આશાપુરા એન્ટરપ્રાઈઝ રાજકોટ વાળા શક્તિસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે જાફરાબાદના સ્થાનિક એવા શક્તિસિંહ જાડેજાએ જીવનને સેવાનો મંત્ર બનાવીને કામધેનુ ગૌશાળાના ગૌસેવક તરીકે કાર્યો કરીને ગૌભક્ત તરીકે ઉભરી આવ્યા હતા નેતૃત્વ શક્તિના ગુણને કારણે રાજકોટમાં પણ રેલનગરના ભાણુંભા કહેવાતા શક્તિસિંહ જાડેજાએ આજે 33 વર્ષ પૂર્ણ કરી 34 માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા શક્તિસિંહ જાડેજાના મોબાઈલ 9909007926 પર અભિનંદનની વર્ષા થઈ રહી છે

તારીખ : 02/06/2026

# અમરેલી જિલ્લામાં પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિકો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકાશે નહીં

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને જાહેરનામું પ્રસિદ્ધ કર્યું

અમરેલી તા.૦૨ જુન,૨૦૨૬ (મંગળવાર) - અમરેલી જિલ્લામાં કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિક કે મેનેજરો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકાશે નહીં. આ માટે અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટશ્રીએ વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ, હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓએ પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનું વેરીફીકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ, રીસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખતા પહેલા તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે. અને જો કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વગરના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીકોએ તથા જે તે સંસ્થાના માલિક/મેનેજરોએ સુરક્ષાની દ્રષ્ટિએ આ બાબતે પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકશે નહી.

ઉપરાંત સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરેના માલિકો- મેનેજરોએ તથા પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિકોએ પોતાને ત્યાં ફરજ પર રાખેલા ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરની વિગતવારની માહિતી તેમજ ચારિત્ર્ય પ્રમાણપત્ર જ્યારે પણ કોઈ પણ પોલીસ અધિકારી ચેક કરવા આવે ત્યારે તેઓને તે બતાવવાનું રહેશે અને આ અંગે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી લાયસન્સ અધિનિયમ મુજબ રાખવાના રજિસ્ટરો નિભાવવાના રહેશે.

પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વગેરે સ્થળોએ સિક્યુરિટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિક્યુરીટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર-વિરુધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. જેથી આ પ્રવૃતિ ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીએ જે સ્થળોએ સિક્યુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G.) રાજ મહેલ કેમ્પસ, 'એ' -૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી. કચેરીએ નિયત નમૂનાના ફોર્મમાં જાણ કરવી. આ જાહેરનામું તા.૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે.

તારીખ : 02/06/2026

# જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જૂન માસને "મેલેરિયા વિરોધી માસ" અને જુલાઈ માસને "ડેન્ગ્યુ વિરોધી માસ" તરીકે ઉજવવાની અપીલ

અમરેલી તા. ૦૨ જૂન,૨૦૨૬ (મંગળવાર) - ચોમાસાની આગામી ઋતુને ધ્યાનમાં રાખીને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે આગોતરા પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે. વર્ષાઋતુ દરમિયાન ઠેર-ઠેર પાણી ભરાવાને કારણે તેમજ ભેજવાળા વાતાવરણને લીધે મચ્છરોની ઉત્પત્તિ માટે ખૂબ જ સાનુકૂળ પરિસ્થિતિ સર્જાતી હોય છે. આ પરિસ્થિતિને અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી અગમચેતીના ભાગરૂપે દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂન માસને "મેલેરિયા વિરોધી માસ" તેમજ જુલાઈ માસને "ડેન્ગ્યુ વિરોધી માસ" તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા મેલેરિયા શાખા દ્વારા નાગરિકોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા ગંભીર રોગો ફેલાવતા મચ્છરો મોટેભાગે ચોખ્ખા, ખુલ્લા અને બંધિયાર પાણીમાં પોતાના ઈંડા મૂકે છે. જો ઘરોમાં કે ઘરની આસપાસ ક્યાંય પણ બિનજરૂરી પાણીનો ભરાવો થવા ન દેવામાં આવે અને પાણી સંગ્રહ કરવાના તમામ પાત્રોને હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવામાં આવે, તો મચ્છરોની ઉત્પત્તિમાં મોટો ઘટાડો કરી શકાય તેમ છે. સામાન્ય રીતે અગાસી, છત અથવા ફળિયામાં પડેલા જૂના ટાયરો, તૂટેલા-ફૂટેલા વાસણો તેમજ પશુ-પક્ષીઓ માટે રાખવામાં આવેલા કુંડા કે પાત્રોમાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાથી આપણી જાણ બહાર મચ્છરો મોટા પ્રમાણમાં પેદા થાય છે. આથી, આવી તમામ જગ્યાઓની અઠવાડિયામાં એકવાર ફરજિયાત તપાસ કરી, તેમાં ભરાયેલા પાણીનો યોગ્ય નિકાલ કરવો અથવા તેને ઢાંકીને રાખવું અત્યંત જરૂરી છે. મચ્છરોના ડંખથી બચવા માટેના વિવિધ ઉપાયો મુજબ રાત્રે તેમજ સૂતી વખતે મચ્છરદાનીનો નિયમિત ઉપયોગ કરવો, મચ્છર વિરોધી અગરબત્તી કે રીપેલન્ટ વાપરવા અને ઘરની બારી-બારણાં પર મચ્છરજાળી લગાવવાની. ખાસ કરીને વહેલી સવારે અને સાંજના સમયે મચ્છરોનો ઉપદ્રવ વધુ રહેતો હોવાથી તે સમયે ઘરના બારી-બારણાં બંધ રાખવા તેમજ શરીર પૂરેપૂરું ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા હિતાવહ છે. વાહકજન્ય રોગોના સંપૂર્ણ નાશ માટે સમાજમાં સાચી સમજ કેળવાય અને સામૂહિક પ્રયાસો થાય તે દિશામાં જિલ્લા પંચાયત અમરેલીની મેલેરિયા શાખા સતત કાર્યરત છે, અને આ સર્વેક્ષણ તેમજ કામગીરીમાં ફિલ્ડ પર આવતા આરોગ્ય કર્મચારીઓને પૂરતો સહકાર આપવા જિલ્લા મેલેરિયા અધિકારી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 02/06/2026

# મોબાઈલ ફોન લે-વેચ, રિપેરિંગ, સીમકાર્ડ વેચાણકર્તાએ નિયત રજિસ્ટર નિભાવવું

અમરેલી, તા.૦૨ જુન,૨૦૨૬ (મંગળવાર)

જાહેર સુરક્ષા માટે મોબાઈલ ફોન લે-વેચ કે રિપેરિંગ, નવું સીમકાર્ડ વેચાણકર્તાઓએ નિયત રજિસ્ટર નિભાવવા જરૂરી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જિલ્લામાં મોબાઈલ, સીમકાર્ડ વેચાણકર્તા, ડિસ્ટ્રીબ્યુટર, રિટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જૂના, નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યક્તિનું નામ, ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ કે મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારાના નામ સરનામાની વિગતો સાથેનું રજિસ્ટર ફરજિયાત નિભાવવું. રજિસ્ટરમાં મોબાઈલ ફોનની વિગત, કંપની વિગત, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલ વેચનાર, ખરીદનારના નામ, સરનામાની વિગત, આઈ.ડી.પ્રૂફની નકલ અને વિગત, સીમકાર્ડની વિગત-કંપની નામ, સીમકાર્ડ નંબર, સીમકાર્ડ ખરીદનારની સહિ સહિતની વિગતોનું રજિસ્ટર નિભાવવું. આ હુકમ તા.૨૪.૦૭.૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે કાનૂની કાર્યવાહી થઈ શકશે.

તારીખ : 02/06/2026

# કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



### New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 02/06/2026

# ચીમનલાલ ત્રિવેદીની આજે જન્મજયંતી..



ચીમનલાલ શિવશંકર ત્રિવેદી (૨ જૂન ૧૯૨૯ – 30 જાન્યુઆરી ૨૦૧૫) ગુજરાતી ભાષાના વિવેચક અને સંપાદક છે.તેમનો જન્મ ગુજરાતના મુજપુરમાં (હવે પાટણ જિલ્લામાં) થયો હતો. ૧૯૫૦માં બી.એ. ૧૯૫૨માં એમ.એ.ની પદવીઓ મેળવ્યા પછી તેમણે ૧૯૬૧માં પીએચ.ડી. પૂર્ણ કર્યું. ૧૯૫૧થી તેમણે વિભિન્ન કૉલેજોમાં ગુજરાતીનું અધ્યાપન કર્યું અને છેલ્લે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહ્યા હતા. 30 જાન્યુઆરી 2015 ના રોજ તેમનું અવસાન થયું હતું.તેમના સર્જનની વાત કરવામાં આવે તો પિંગલ દર્શન (૧૯૫૩) છંદવિષયક માહિતી આપતું એમનું પ્રારંભિક પરિચયપુસ્તક છે. ઊર્મિકાવ્ય (૧૯૬૬)માં ઊર્મિકાવ્યનાં સ્વરૂપ, વિકાસ તથા વિભિન્ન પ્રકારો વિશે વિગતે ચર્ચા છે. પીએચ.ડી.ના અભ્યાસના ફળરૂપે મળેલો કવિ નાકર-એક અધ્યયન (૧૯૬૬) એમનો નોંધપાત્ર ગ્રંથ છે. એમાં મધ્યકાલીન કવિ નાકરની બધી પ્રગટ-અપ્રગટ કૃતિઓનું ઝીણવટભર્યું પરીક્ષણ કરી નાકર વિશેની પ્રચલિત સમજ પર નવો પ્રકાશ ફેંકયો છે. આ અભ્યાસનું અનુસંધાન ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની નાકર (૧૯૭૯) પુસ્તિકામાં તથા ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ- ખંડ ૨ માં જળવાયું છે. ચોસઠનું ગ્રંથસ્થ વાઙ્મય (૧૯૭૨)માં વિવિધ વિષયના ગ્રંથોની સૂઝ અને સમભાવપૂર્વક તપાસ છે.

ભાવલોક (૧૯૭૬) અને ભાવમુદ્રા (૧૯૮૩)માં કવિતાની વ્યાપક ચર્ચા કરતા, મધ્યકાલીન અને અર્વાચીન અતિખ્યાત અને અલ્પખ્યાત કવિઓની કવિતા વિશેના તથા કૃતિ-અવલોકનના લેખો છે. ભાવમુદ્રામાંનો ગુજરાતીમાં છંદોરચના એ દીર્ઘ લેખ ગુજરાતીમાં થયેલા છંદવિષયક પ્રયોગોની સારી તપાસ છે.આપણાં ખંડકાવ્યો (૧૯૫૭), સુદામાચરિત્ર (૧૯૬૩), કુંવરબાઈનું મામેરું (૧૯૬૪), અભિમન્યુ આખ્યાન (૧૯૬૭), વિરાટ પર્વ (૧૯૬૯), કાલેલકર ગ્રંથાવલિ (૧૯૮૧) વગેરે એમનાં અન્ય સાથેનાં સંપાદનો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ તથા ગ્રંથ અને ગ્રંથકાર-ભા.૧૧ (૧૯૬૬)માં પણ એમનું સહસંપાદન છે. મધ્ય યુગીન ઉર્મિકાવ્યો (૧૯૯૮), મધ્ય યુગીન ગુજરાતી કવિતાઓનું સંકલન, ચિનુ મોદી સાથેનું સહસંપાદન છે.૨૦૦૯માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 02/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## Happy Birthday



# યાના કારીયા

**ચલાલાના કારીયા પરિવારની લાડકી દીકરી**
**અને વિપુલભાઈ કારીયા તથા**
**નિશાબેન કારીયાની વહાલી પુત્રી**


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 02/06/2026

કે.ડી. NEWS

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"શરીરની ઉંમર ભલે સમયના આધારે નક્કી થતી હોય, પણ મનની ઉંમર તો સંગ્રહના આધારે જ નક્કી થતી હોય છે. મનમાં તમે જે ભરી રાખ્યું છે એ જ મનની ઉંમર !"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 02/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

3411
02/06/2026
Tuesday

## आत्मा

अगले २० साल बाद "रोबोटीक युग" आने वाला है,

बाबास्वामी
2/6/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 02/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**એક ભાઈ** જોર થી બોલતા હતા ₹300 માં જિંદગીભર બેસો 10 જણા ત્યાં ગયા પછી ખબર પડી ખુરશી વેચવા વાળા હતા....

**છોકરાઓ** પણ અત્યારે ખૂબ તૈયાર થતા જાય છે  પિતાએ કહ્યું ચાલો હવે તૈયારી કરવા માંડો પાંચ દિવસ પછી નિશાળ ખુલે છે છોકરાવે કહ્યું હજુ પાંચ દિવસ પછી નિશાળ ખુલે છે તમારે તો કાલે જ જવાનું છે ઓફિસે ટિફિન ભરી દઈએ અત્યારે રાતે?

તારીખ : 02/06/2026
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 2 જૂન
# મહત્વની ઘટનાઓ

૧૮૯૬ – ગુગ્લિએલ્મો માર્કોનીએ તેના વાયરલેસ ટેલિગ્રાફ માટે પેટન્ટ માટે અરજી કરી.૧૯૦૯ – આલ્ફ્રેડ ડેકિન ત્રીજી વખત ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન બન્યા.

૧૯૧૦ – રોલ્સ રોયસ લિમિટેડના સહ-સ્થાપક ચાર્લ્સ રોલ્સ વિમાન દ્વારા ઈંગ્લિશ ચેનલનું નોન સ્ટોપ ડબલ ક્રોસિંગ બનાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે.

૧૯૫૩ – એલિઝાબેથ દ્વિતીયની લંડનના વેસ્ટમિન્સ્ટર એબીમાં તાજપોશી કરવામાં આવી.

૧૯૫૫ – સોવિયેત યુનિયન અને યુગોસ્લાવિયાએ બેલગ્રેડ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરી ૧૯૪૮થી વણસેલા પારસ્પરિક સંબંધોને ફરી શરૂ કર્યા.

૧૯૬૪ – પેલેસ્ટાઈન મુક્તિ સંગઠન Palestine Liberation Organizationની રચના કરવામાં આવી.

૧૯૯૯ – "ભૂતાન પ્રસારણ સેવા" દ્વારા ભૂતાનમાં પ્રથમ વખત ટેલિવિઝન પ્રસારણ કરાયું.

૨003 – યુરોપે અન્ય ગ્રહ, મંગળ, ની પ્રથમ યાત્રા શરૂ કરી. 'કઝાખસ્તાન'નાં 'બૈકાનુર' અવકાશ મથકેથી 'યુરોપિયન અવકાશ સંસ્થા'નાં "માર્સ એક્સપ્રેસ" નામક યાનનું પ્રક્ષેપણ કરાયું.

૨૦૧૪ – તેલંગાણા સત્તાવાર રીતે ભારતનું ૨૯મું રાજ્ય બન્યું, જે ઉત્તર-પશ્ચિમ આંધ્ર પ્રદેશના દસ જિલ્લાઓમાંથી રચાયું છે.

## જન્મ

૧૯૨૯ – ચીમનલાલ ત્રિવેદી, ગુજરાતી ભાષાના વિવેચક અને સંપાદક (અ. ૨૦૧૫)

૧૯૪૩ – ઈલીયારાજા ભારતીય સંગીતકાર

૧૯૪૩ – દિવાળીબેન ભીલ ગુજરાતની કોયલ તરીકે જાણીતા લોકગાયિકા અને પાર્શ્વગાયિકા (અ. ૨૦૧૬)

૧૯૫૪ – માનસિંહ પટેલ, ગુજરાતના રાજકારણી અને સામાજિક કાર્યકર

૧૯૫૫ – નંદન નિલેકણી, , ભારતીય ઉદ્યોગસાહસિક અને ઈન્ફોસિસના સહ-સ્થાપક

૧૯૫૬ – મણિરત્નમ (Mani Ratnam), ભારતીય ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક

૧૯૮૬ – સોનાક્ષી સિંહા, ભારતીય અભિનેત્રી અને મૉડેલ

## અવસાન

૧૮૮૧ – જે. વી. એસ. ટેલર, સ્કોટિશ ખ્રિસ્તી મિશનરી અને ગુજરાતી લેખક (જ. ૧૮૨૦)

૧૯૮૮ – રાજ કપૂર, ભારતીય ફિલ્મ અભિનેતા, નિર્માતા અને હિન્દી સિનેમાના નિર્દેશક (જ. ૧૯૨૪)

૧૯૯૦ – શ્રીરામ શર્મા આચાર્ય, અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સ્થાપક

૨૦૦૪ – શ્રીકાંત જિચકર, ભારતીય સનદી અધિકારી અને દેશના સૌથી યુવા ધારાસભ્ય (૨૬ વર્ષ), દેશના સૌથી વધુ પદવીઓ ધરાવનાર વ્યક્તિ (જ. ૧૯૫૪)

૨૦૧૫ – ઈરવિન રોઝ, ૨૦૦૪નું રસાયણશાસ્ત્રનો નોબલ પુરસ્કાર જીતનાર અમેરિકન જીવવિજ્ઞાની (જ. ૧૯૨૬)

તારીખ : 02/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે



**રફ ચોપડા**

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 02/06/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 02/06/2026


નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
| --- | --- | --- | --- |
| 68K | 50K | 28K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**